PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
# કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક
૧૫ ઓગષ્ટ : ૨૦૨૫, અંક નં. ૧૫૨/૫૧૮


સ્વ. જીતેન્દ્રભાઈ જે. મહેતાની ચિર વિદાય

## શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫

નટરાજ સી. પી. સ્કૂલમાં ડૉ. મનિષકુમાર બંસલ (કલેક્ટરશ્રી)ના હસ્તે





પેઇજ નં. પાંચ



શ્રી ખી. લ. બહેરા-મૂંગા શાળામાં શ્રી નરેન્દ્રકુમાર મીના (મ્યુ. કમિશ્નર)ના હસ્તે

Koshish thi Kamyabi ◆ R.N.I. No. GUJGUJ/2013/48176 ◆ Postal Reg. L2/36/RNP/BVR-414/2025-27 ◆ Monthly
Date of Publication : 15 August - 25 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર



શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫ માધ્યમિક શાળા



શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫ પ્રાથમિક શાળા



શ્રી હરિદર્શન એક્ષપોર્ટ તરફથી નોટબુક વિતરણ



કલેકટરશ્રીના વરદહસ્તે સન્માન...



કલા કેન્દ્રની મુલાકાતે શાળાના વિદ્યાર્થીઓ....

# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર.................૦૨
- INDEX...................................૦૩
- એજયુકેશન કીટ તથા હાઈજીન કીટનું વિતરણ.........૦૪
- બહેરા મૂંગા શાળાના બાળકોને પ્રોત્સાહન............૦૪
- 'અંકુર' શાળાના બાળકોને બેડશીટ વિતરણ...........૦૪
- નટરાજ સી. પી. સ્કૂલ શાળા પ્રવેશોત્સવ.............૦૫
- બહેરા મૂંગા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ............૦૫
- મહેતા માધ્યમિક શાળામાં પ્રવેશોત્સવ...............૦૬
- પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ ..........................૦૬
- નટરાજ સી. પી. બાળકોની શાળા.....................૦૭
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ ............૦૮
- પી.એન. આર. હોસ્પિટલ.........................૧૦
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ.........................૧૦
- અંબા સી. પી. હોસ્ટેલ...........................૧૧
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા .................૧૨
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (પ્રા.વિ.)........૧૨
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (ઉ.મા.).........૧૩
- શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળા મહેતા છા. .......૧૪
- શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળા લાઈબ્રેરી વિભાગ..૧૫
- શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય.............૧૫
- શ્રીમતી પી.આર. વાધર સાધન-સહાય વર્કશોપ.......૧૬
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ...............૧૬
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા..............૧૯
- ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ (MR) .....................૨૦
- ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર..................૨૧
- ડોનેશન લિસ્ટ.................................૨૨
- PNR તસ્વીર સમાચાર..........................૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## પ્રવેશોત્સવ-૨૦૨૫

### કલેકટરશ્રીની દિવ્યાંગો પ્રત્યેની સમાનુભૂતિ

દિવ્યાંગો પ્રત્યે સંવેદના બતાવવી એ આપણા સમાજની જવાબદારી છે. દિવ્યાંગોની જરૂરિયાતો અને પડકારોને સમજીને આપણે એમની મદદ કરી શકીએ છીએ અને એમના જીવનની ગુણવત્તામાં સુધાર લાવી શકીએ છીએ.

મિત્રો, દિવ્યાંગો પ્રત્યે સહાનુભૂતિ (Sympathy) તો મોટા ભાગના લોકો દર્શાવે છે, પરંતુ બહુ ઓછા લોકો તેમના પ્રત્યે સમાનુભૂતિ (Empathy) બતાવી શકે છે, જેમાં એક એવા મહાનુભાવ જોવા મળ્યાં, જે હાલમાં જ આપણી દિવ્યાંગોની વિવિધ શાળાઓના પ્રવેશોત્સવ દરમ્યાન મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં, તે હતા આપણા જિલ્લાના કલેક્ટર માનનીય ડો. મનિષકુમાર બંસલ સાહેબ.

ડો. મનિષકુમારની જિલ્લાના વડા તરીકે મુખ્ય જવાબદારી હોવા છતાં, પોતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય કાઢી સંસ્થાઓમાં આવ્યાં અને ઈનામ વિતરણ કરતી વખતે દિવ્યાંગ બાળકોને તેડી, તેમના પ્રત્યે વહાલ દર્શાવ્યું. પોતાના જન્મદિવસની ઉજવણી દિવ્યાંગ બાળકો સાથે કરી. હાલમાં જ સરકારી સ્કૂલની મુલાકાતમાં બાળકો સાથે 'મધ્યાહન ભોજન યોજના' માં મળતું ભોજન, બાળકો સાથે બેસીને જમ્યાં. સાથેજ અંધજન મંડળ દ્વારા આયોજિત કાર્યક્રમમાં તેઓ મુખ્ય મહેમાન હતા અને આ સમગ્ર કાર્યક્રમમાં આંખે પાટા બાંધીને મંચ પર બેઠા અને અંધજનો કેવી મુશ્કેલી અનુભવે છે, તે તેમને અનુભવ્યું.

મિત્રો, ધન્ય છે આવા કલેકટરશ્રીને કે જેમને દિવ્યાંગો પ્રત્યે આટલી સમાનુભૂતિ અને ઉચ્ચ પ્રકારની લાગણીના દર્શન કરાવ્યાં. ઉચ્ચ હોદ્દા પર બેસેલી બહુ ઓછી વ્યક્તિઓ આવું ઉમદા વર્તન/કાર્ય કરી શકે છે. આવા અપવાદરૂપ બનેલા કલેકટર સાહેબ, આપને ખૂબ-ખૂબ સલામ અને વંદન.

મિત્રો, ગુજરાત સરકાર માન્ય, સૌ પ્રથમ ઓટિઝમ સ્કૂલ આપણી PNR માં સ્થપાય, તે માટે કલેક્ટરશ્રી સતત પ્રયત્નશીલ છે, તે માટે પણ આપણે તેમના આભારી છીએ.

✍ **કિરીટ રાઠોડ**


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. : ૧૫૨/૫૧૮**
  **૧૫ ઓગસ્ટ- ૨૦૨૫**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: 9375757170/9377117170
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org

- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **વંશિકા ફોર્મ્સ, ભાવનગર**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **વંશિકા ફોર્મ્સ, ભાવનગર**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# શ્રી નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે દિવ્યાંગોને એજયુકેશન કીટ તથા હાઈજીન કીટનું વિતરણ



પી. એન.આર. સોસાયટીમાં નટરાજ સેરેબ્રલ પાલ્સી સ્કૂલ, તેમજ શ્રી કે. એન. શાહ હાઈટેક ઈન્કલ્યુઝીવ સ્કૂલના દિવ્યાંગ બાળકોને; ખોડલધામ, કાગવડના પ્રતિનિધિઓ સર્વશ્રી જીવરાજભાઈ મિયાણી, જીજ્ઞેશભાઈ ગાબાણી, વિનુભાઈ ગાબાણી અને રેખાબેન દ્વારા; ચેરમેન શ્રી નરેશભાઈ પટેલના ૬૦મા જન્મદિન નિમિતે સંવેદનાની વહેંચણીના કાર્યક્રમ અંતર્ગત સ્ટેશનરી તથા હાઈજીનની કીટનું વિતરણ ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દિવ્યાંગ વિધાર્થીઓએ **યોગ કૃતિ** રજૂ કરી વાતાવરણમાં પ્રસન્નતા પ્રસરાવી હતી.

કાર્યક્રમના અધ્યક્ષ શ્રી જીવરાજભાઈ મિયાણીએ, "૨૩ દિવ્યાંગ બાળકો તથા સ્ટાફના જન્મદિવસની સામૂહિક ઉજવણીનો મહિમામંડન કરી, રાજીપો વ્યકત કર્યો. ઈશ્વરિય અગવડને સગવડ બનાવવા ઉભી કરેલ, સેવાના સરનામા સમી પી.એન.આર. સોસાયટીના ફાઉન્ડર શ્રી બાબાભાઈની વંદના કરી હતી."

આ પ્રસંગે દાતાશ્રી હર્ષદભાઈ મ. ગાંધી તરફથી બાળકોને જન્મદિનની ગિફ્ટ આપવામાં આવી તેમજ કલેકટર શ્રી મનિષકુમાર બંસલ તરફથી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની સાથો-સાથ, ઓટિઝમવાળા બાળકોના વાલીઓને પણ તેઓ મળ્યાં હતાં. વાલીઓએ પોતાના ઓટિઝમવાળા બાળકો માટે વિશિષ્ટ શાળા ભાવનગરમાં શરૂ કરવાની રજૂઆત કરી હતી. શ્રી જીવરાજભાઈ મિયાણીએ આ અંગે ઘટતું કરવા આશ્વાસન આપ્યું હતું. કાર્યક્રમની આભારવિધિ શ્રી જીજ્ઞાબેન સોલંકી અને સંચાલન શ્રી ખેવનાબેન ઓઝાએ કર્યું હતું.

# ખોડલ ધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા ખી.લ. બહેરાં-મૂંગા શાળાના બાળકોને પ્રોત્સાહન

ખોડલ ધામ ટ્રસ્ટ, કાગવડના ચેરમેન શ્રી નરેશભાઈ પટેલના ૬૦મા જન્મદિવસે મનોદિવ્યાંગો તથા દિવ્યાંગોની સંસ્થાઓમાં સેવાકિય કાર્યો હાથ ધરવામાં આવે છે, તે અંતર્ગત આ શાળામાં ૩૪૫ બાળકોને નોટ, પેન્સિલ, રબ્બર, સંચો, ફૂટપટ્ટી, પેન તથા કંપાસની ભેટ આપવામાં આવી. આ ભેટ દ્વારા બાળકોમાં ઉત્તરોત્તર વિકાસ માટેના આશીર્વાદ મળ્યાં, જે માટે સંસ્થાના માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા તથા ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ ખુશી વ્યક્ત કરી હતી.

# શ્રી નરેશભાઈ પટેલના જન્મ દિવસ નિમિત્તે 'અંકુર' શાળાના બાળકોને બેડશીટ વિતરણ



તા.૧૧/૦૭/૨૦૨૫ના રોજ ખોડલધામ ટ્રસ્ટ – કાગવડના ચેરમેન શ્રી નરેશભાઈ પટેલના ૬૦મા જન્મ દિવસ નિમિત્તે શાળામાં તાલીમ મેળવતા ૨૪૦ મનોદિવ્યાંગ બાળકોને ખોડલધામ, ભાવનગર જિલ્લા સમિતિના હોદ્દેદારો દ્વારા બેડશીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી રમેશભાઈ મેંદપરા, શ્રી રાજુભાઈ રીબડિયા, (સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન) તેમજ અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન ડો. શ્રી ભાવનાબેન અંધારિયા તથા સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

# નટરાજ સી. પી. સ્કૂલ શાળા પ્રવેશોત્સવ

'ઉત્સવ.. બાળકના સર્વાંગી વિકાસનો..'

તા. ૫-૭-'૨૫ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ અને કે. એન. શાહ હાઈટેક ઇન્કલુઝિવ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે નવા પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ, ભાવનગર જિલ્લાના કલેકટરશ્રી ડો. મનિષકુમાર બંસલ સાહેબના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં સી.પી. સ્કૂલના દિવ્યાંગ વિદ્યાર્થીઓ દ્વારા "અચ્યુતમ કેશવમ.." પ્રાર્થના, અભિનય સાથે રજૂ કરી હતી. ત્યારબાદ સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ દ્વારા આમંત્રિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત સાથે, પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ઉમદા કાર્યોની ડોક્યુમેન્ટ્રી, શોર્ટ ફિલ્મના માધ્યમથી બતાવવામાં આવી હતી. સાથે નવા પ્રવેશ મેળવેલ ૫૭ ભૂલકાંઓને ઉષ્માપૂર્ણ આવકાર અને શુભેચ્છાના પ્રતીકરૂપે, **બચપન કોર્પસ ફંડ**ના સૌજન્યથી શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે ઓટિઝમ બાળકોની સરકારી શાળાની મંજૂરીની ભલામણ કરતું આવેદન પત્ર, વાલી કમિટીએ કલેક્ટરશ્રીને રજૂ કર્યું હતું. આ કાર્યક્રમમાં માનનીય કલેકટર ડો.મનિષકુમાર બંસલ સાહેબના જન્મદિવસની અઢળક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના સ્થાપક શ્રી બાબાભાઈ શાહ, શ્રી સુરેશભાઈ ચૌધરી (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, ભાવનગર), સંસ્થાના ટ્રસ્ટીગણ, સાથે સંલગ્નિત સંસ્થાઓના ટ્રસ્ટીગણ, આચાર્યશ્રી વગેરેની હાજરીએ કાર્યક્રમમાં ઉર્જાનો સંચાર કર્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે સ્વ. લીલાવતી ફકીરચંદ શર્મા કોર્પસ ફંડના સૌજન્યથી બે લાભાર્થીઓને વ્હીલચેર, બે વોકર તથા એક લાભાર્થીને અધ્યતન હીયરિંગ એઇડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે શ્રી ખેવનાબેન ઓઝાએ તથા આભારવિધિ સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.



"આવો બનાવીએ.. શાળા પ્રવેશોત્સવ ને સમાજોત્સવ.."

# શ્રી શાહ ખી.લ. બહેરા મૂંગા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ



શ્રી શાહ ખી. લ. બહેરા મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત, પ્રાથમિક શાળામાં નવા પ્રવેશ પામેલા બાળકોના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. શિક્ષણના અવિરત ચાલતા તેજોમય પ્રવાહ માં પા...પા.. પગલી પાડવા માટે નર્સરી થી ધોરણ -૮ માં ૨૪ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. મનમાં કંઈ કેટલાય સપનાઓ લઈ, દિલમાં દરિયાદિલીથી દુનિયાદારીને સમજવાની પ્રબળ ઝંખના સાથે પ્રવેશ પામેલા બાળકોના ચહેરા પર અદકેરું સ્મિત, કાર્યક્રમ સમય દરમિયાન જોવા મળ્યું હતું. આ કાર્યક્રમને વધારે સુવાસિત બનાવવા આપણા ભાવનગર મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી, શ્રી નરેન્દ્રકુમાર મીના સાહેબ (IAS), શ્રીમતિ મંજુશાબેન મીના, ભાવનગર જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી શ્રી સુરેશભાઇ ચૌધરી, પ્રમુખશ્રી ગિરીશભાઇ શાહ, માનદમંત્રીશ્રી અશ્વિનભાઇ પંડ્યા, ખજાનચીશ્રી જીતુભાઈ શાહ, શ્રી અમિતભાઈ શાહ, શ્રી આનંદભાઈ શાહ, મિતાબેન ઓઝા, શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા અને આચાર્યશ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા ઉપસ્થિત રહેલ. પ્રમુખશ્રીએ સ્વાગત પ્રવચન સાથે સંસ્થા માહિતી આપી હતી. કમિશ્નરશ્રીનું બધિર બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ ગિફ્ટ આર્ટિકલથી સ્વાગત કરાયું હતું. કમિશ્નરશ્રીના વરદહસ્તે નવા પ્રવેશ પામેલા બાળકોને **શૈક્ષણિક કીટ** આપી આવકારવામાં આવ્યાં. તેમજ સ્પોર્ટ્સ તથા સાંસ્કૃતિક ક્ષેત્રે સિદ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ અને તેઓશ્રી એ પ્રેરક ઉદબોધન આપેલ. આભારવિધિ સંસ્થાના માનદમંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ કરી હતી. કાર્યક્રમની ઉદઘોષણા શ્રી

વૈશાલીબેન શુકલએ કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળા-કોલેજના આચાર્યશ્રીઓ, ઓ.એસ. અને તેમની ટીમેં ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના ભૂલકાંઓએ સાંસ્કુતિક કૃતિ રજુ કરેલ.સમગ્ર કાર્યક્રમની સુવાહિતા જોઈ પધારેલ મહેમાનો, તેમજ ટ્રસ્ટ્રીગણે સંસ્થાના કર્મવીરોને અભિનંદન પાઠવ્યાં હતાં.

## શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા માધ્યમિક શાળામાં પ્રવેશોત્સવ



શાળામાં તા. ૧૧-૭-'૨૫ ના રોજ ભાવનગર જિલ્લા કલેકટરશ્રી ડો. મનિષકુમાર બંસલ સાહેબના અધ્યક્ષસ્થાને ધો. ૯ ના ૩૩ મૂક-બધિર વિદ્યાર્થીઓના શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહે આવકાર સાથે, સંસ્થા પરિચય આપેલ. કલેકટરશ્રી ડો. બંસલ સાહેબે વિવિધ રમતોમાં રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવેલ વિદ્યાર્થીઓનું સન્માન કર્યું હતું. ઉપરાંત પોતાના વક્તવ્યમાં, 'વિદ્યાર્થીઓને જીવનમાં શારીરિક મર્યાદાઓને પાર કરીને, ઉચ્ચસ્થાન પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી હતી તેમજ ભવિષ્યમાં કોઈ પણ મદદ માટે સહાય અને સહયોગની ખાતરી આપી હતી.' સમાજ સુરક્ષા અધિકારી શ્રી સુરેશભાઈ ચૌધરીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. સંસ્થા દ્વારા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને નિ:શૂલ્ક યુનિફોર્મ, સ્ટેશનરી, સેન્ડલ વિગેરે આપવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જ્યોતિબેન બારૈયા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલે ઈન્ટર પ્રિન્ટિગ કર્યું હતું. તથા સંસ્થાના માનદ્ મંત્રીશ્રી ડો. અશ્વિનભાઈ પંડયાએ શુભેચ્છા પાઠવી, કલેકટરશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પી.એન.આર. સોસાયટી, ભાવનગર પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ



યશ મહેતા

પાર્કિન્સન્સ રોગ, જીવનના દરેક પાસાઓને અસર કરે છે. શરીર, મગજ અને મન. આવા દર્દીઓ માટે શારીરિક સારવારથી લઈ, ભાવનાત્મક સહારાની જરૂરિયાત હોય છે. ભાવનગરમાં છેલ્લાં ૧૨ વર્ષથી ચાલતા પાર્કિન્સન્સ અને મૂવમેન્ટ ડિસઓર્ડરનું સપોર્ટ ગ્રુપ, આવા જરૂરિયાતમંદોને સમર્થન પૂરું પાડતું એક અનોખું પ્લેટફોર્મ બની ગયું છે, જેમાં “મલ્ટિડિસિપ્લીનરી એપ્રોચ” ના માધ્યમથી દરેક પાસાને સમજીને સારવાર આપવામાં આવે છે.

**મલ્ટિડિસિપ્લીનરી એપ્રોચ :**

પાર્કિન્સન્સ રોગના દર્દીઓના સ્વાસ્થ્ય અને બીજા તમામ પાસાઓને ધ્યાનમાં રાખી, વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો મળીને દર્દીના આરોગ્યની સંભાળ અને સારવાર કરવામાં આવે છે.

- ન્યૂરોલોજી કન્સલ્ટેશન
- રોગ વિશેની માહિતી
- ફિઝીયોથેરાપી
- ઓકયુપેશનલ થેરાપી
- સ્પીચ થેરાપી
- માનસિક સ્વાસ્થ્ય માટે કન્સલ્ટેશન
- આહાર અને પોષણની સલાહ
- સામાજિક કાર્ય અને કેરગીવર્સને માર્ગદર્શન
- ચાર્ટ થેરાપી
- યોગ
- સંગીત થેરાપી

ઉપરોકત થેરાપીઓ એક સાથે PD પીડિતોને સંપૂર્ણ શારીરિક અને માનસિક સમર્થન આપવા માટે રચાયેલી છે.



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

### વાલી મિટીંગ :

તા.૧૮-૭-૨૦૨૫ના રોજ સી.પી. સ્કૂલની વાલી મિટીંગનું આયોજન કરવામાં આવી હતી. જેમાં જૂન-જૂલાઇ દરમ્યાન આયોજિત કાર્યક્રમ વિશે માહિતી આપવામાં આવી હતી. અને આગામી ૨૫, ૨૬ જૂલાઈ-૨૦૨૫ ના રોજ યોજાનાર પિડિયાટ્રિક ઓર્થોપેડિક કેમ્પ, નિરામયા હેલ્થ પોલિસી, કવિઝેબલ-૨૦૨૫ તથા સાતમ-આઠમની રજા વિશે માહિતી આપવામાં આવી હતી. આ વાલી મિટીંગમાં બહોળી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



### જાદુગર શો :




તા.૧૧-૭-૨૦૨૫ના રોજ વલ્લભ યુથ ગ્રુપ આયોજિત, 'જાદુગર યુવરાજનો શો' માં નટરાજ સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ, કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલ/પ્રોજેક્ટના બધા બાળકો અને સ્ટાફ જોડાય, જાદુનો આનંદ મેળવ્યો હતો. જાદુના શો પછી વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે ખાસ અલ્પાહારની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ શો યશવંતરાય નાટ્યગૃહ ખાતે યોજવામાં આવ્યો હતો.

### હોમિયોપેથિક કેમ્પ :

તા.૧૮-૭-૨૦૨૫ના રોજ હોમિયોપેથિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ થી વધુ લાભાર્થીઓને નિ:શૂલ્ક તપાસ સાથે સારવાર અને દવા આપવામાં આવી હતી.



અને સમયાંતરે બાળકોના ફોલોઅપ પણ લેવાય છે.

### મોનસૂન કાર્નિવલ :



તા.૧૨-૧૩-૭-૨૦૨૫ના રોજ ભાવનગરની રમણીય ઇસ્કોન ક્લબ ખાતે, લાઇફ સ્ટાઈલ, ખાન-પાન, જ્વેલરી, રાખડી, પોષાકો વિગેરેને આવરી લેતા મોનસૂન કાર્નિવલનું આયોજન, શ્રીમતી અંબિકાબેન ટેકરીવાલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં દર વખતની જેમ આ વખતે પણ એક્ઝિબિશન કમ સેલનું ઉદ્દઘાટન, નટરાજ સી.પી.સ્કૂલના વિદ્યાર્થીઓ ગોહિલ ભારત અને સોલંકી જયદીપ, સાથે આમંત્રિત મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા પુષ્પગુચ્છથી મુખ્યઅતિથિઓનું સ્વાગત કરી, એક્ઝિબિશનને ખૂલ્લું મૂકવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના સ્ટોલમાં દરેક પ્રોજેક્ટના દિવ્યાંગ વિદ્યાર્થીઓ નિર્મિત રાખડીઓ, પરફ્યુમ, સાબુ, ધૂપ, દંતમંજન, અગરબત્તી વગેરે વસ્તુઓ મુલાકાતીઓના આકર્ષણનું કેન્દ્ર બની હતી.




# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

**'વિશ્વ યોગ દિવસ' :**

સ્કૂલમાં તા. 21-6 ના રોજ 'વિશ્વ યોગ દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં બાલમંદિર, તેમજ ધો. 1 થી 12 ના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શાળાના બાળકોએ પી.ટી. ડ્રેસમાં સજ્જ થઈને પ્રાણાયામ, સૂર્યનમસ્કાર વગેરે કસરત કરી પોતાનો ઉત્સાહ બતાવ્યો હતો. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ માનસિક અને શારીરિક રીતે કઈ રીતે સ્વસ્થ રહી શકાય? તે માટે ઉજવવામાં આવે છે. યોગનું આપણાં જીવનમાં કેટલું મહત્વ છે, તેમજ યોગ કરવાથી રોગો સામે કઈ રીતે બચી શકાય, તેની માહિતી શાળાના આચાર્યશ્રી હિતેન કુમાર પંડ્યા દ્વારા આપવામાં આવી હતી. આ સમગ્ર આયોજન કાર્યક્રમનું શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યા તથા શિક્ષક શ્રી દક્ષાબેન ના માર્ગદર્શન નીચે તમામ શિક્ષક ગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

**'ગ્રીન ડે' :**



સ્કૂલમાં તા. 23-6 ના રોજ 'ગ્રીન ડે' ની ઉજવણી કરવામાં આવી હતી. વર્ષાઋતુના આગમનરૂપે બાલમંદિર તેમજ ધો. 1 થી 8ના દરેક વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ગ્રીન વસ્ત્રો પરિધાન કર્યા હતા. તેમજ વિદ્યાર્થીઓએ મગ, ગ્રીન બટેટા, લીલા ચણા, સલાડ વગેરે જેવી વાનગીઓ લાવીને આ દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી. જેવી રીતે વર્ષાઋતુમાં ધરતી પર હરિયાળી છવાયેલી જોવા મળે છે, તેવી જ રીતે હાઇટેક સ્કૂલમાં હરિયાળી છવાયેલી જોવા મળી હતી. તેમજ આ દિવસની ઉજવણીના ભાગરૂપે શાળાના શિક્ષક શ્રી દક્ષાબેન તથા વિદ્યાર્થીએ દ્વારા તુલસીનો છોડ રોપવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેન કુમાર પંડ્યા તથા શિક્ષક શ્રી દક્ષાબેન પંડ્યા ના માર્ગદર્શન નીચે તમામ શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

**ઈકો ક્લબ પ્રવૃત્તિના ભાગરૂપે 'મિશન લાઈફ' :**

સ્કૂલમાં તા. 26-6 ના રોજ ઈકો ક્લબ પ્રવૃત્તિના ભાગરૂપે ' મિશન લાઈફ' વિષય પર ધો. 4 થી 8 ના વિદ્યાર્થીઓને કુદરતી સંસાધન જળ નો બગાડ કઈ રીતે થાય છે, તેની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. આ પ્રવૃત્તિમાં 4 થી 8 ના દરેક વિદ્યાર્થીઓ ચમચી થી ચમચી પાણી પસાર કરી, અંતે બાકીનું પાણી માપવામાં આવ્યું. પ્રક્રિયા દરમિયાન કેટલુ પાણી ઢોળાઈ ગયુ ? જે વાસ્તવિક રીતે બગાડનું પ્રતીક છે. આ પ્રવૃત્તિનો ઉદ્દેશ્ય એ દર્શાવવાનો હતો કે સ્તોત્ર થી અંતિમ વપરાશકર્તા સુધી ટ્રાન્સમિશન દરમિયાન સંસાધનનું કેટલું નુકશાન થાય છે? તેમજ શાળાના શિક્ષક શ્રી દક્ષાબેને પાણીની બચત કરી યોગ્ય ઉપયોગ કરવો, તેની સમજ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેન કુમાર પંડ્યાના માર્ગદર્શન નીચે દરેક શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

**દિવ્યાંગ બાળકોનો 'શાળા પ્રવેશોત્સવ' :**



સ્કૂલમાં તારીખ 5-7 ના રોજ નટરાજ સેરેબ્રલ પાલ્સિ સ્કૂલ, તેમજ કે.એન. શાહ હાઈટેક ઇન્ક્લુઝિવ સ્કૂલ દ્વારા દિવ્યાંગ બાળકોનો ' શાળા પ્રવેશોત્સવ' હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ ગયો. આ વિશિષ્ટ કાર્યક્રમ જિલ્લા કલેકટરશ્રી ડો.મનીષકુમાર બંસલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

કાર્યક્રમમાં શ્રી સુરેશભાઈ જી. ચૌધરી (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી) તથા સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી શ્રી અનંત કે શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી ધીરુભાઈ ધંધુકિયા, શ્રી હર્ષકાંત રાખશિયા, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, ડો.અશ્વિનભાઈ પંડ્યા, શ્રી લાભુભાઈ સોનાણી અને શ્રી મહેશભાઈ પાઠક, બંને શાળાના આચાર્યશ્રી હિતેનભાઈ પંડ્યા અને શ્રીમતી જીજ્ઞાબહેન સોલંકી અને વાલીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને નિર્વહન શ્રી હિતેનભાઈ પંડ્યા અને જીજ્ઞાબહેન સોલંકીએ શ્રી પારસ શાહના માર્ગદર્શન મુજબ કર્યું હતું.

**'ગુરુપૂર્ણિમા' :**



સ્કૂલમાં તા. 10-7 ના રોજ 'ગુરુપૂર્ણિમા' ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી, શિક્ષકો તેમજ ધો. 1 થી 12 ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત સૌ પ્રથમ દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ અમારા સૌના ગુરુ તેમજ આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યા તથા વરિષ્ઠ શિક્ષક શ્રી દક્ષાબેનને ધો. 1 ના વિદ્યાર્થીઓ દ્વારા કુમકુમ તિલક અને નમન કર્યા, તેમજ આશીર્વાદ મેળવ્યાં. એ પછી શાળાના આચાર્યશ્રીએ પ્રસંગોચિત વક્તવ્ય રજૂ કર્યું અને આપણા જીવનમાં ગુરુનું મહત્વ શું છે ? તેની માહિતી આપી હતી. ત્યારબાદ ધો. 1,2ના વિદ્યાર્થીઓએ શ્લોકનું ગાન કર્યું હતું. તેમજ ધો. 5,6,7 ના વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમાનું મહત્વ સમજાવતા કહ્યું, 'અજ્ઞાનરૂપી અંધકારમાંથી જે જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઇ જાય તે સાચા ગુરુ.' એ પછી ધો. 8 નો સ્પેશ્યલ વિદ્યાર્થી મકવાણા રુદ્રેક્ષ અને ધો. 9 નો સ્પેશ્યલ વિદ્યાર્થી સોલંકી કેવલે મૌખિક સ્પીચ રજુ કરી હતી. તેમજ ધો. 9 થી 12 ની બહેનોએ આ પ્રસંગને વધારે ઉત્સાહિત બનાવવા માટે ગુરુઓને વંદન કરતી કૃતિઓ રજૂ કરી હતી. તેમજ ધો. 10નો સ્પેશ્યલ વિદ્યાર્થી આહિર કુણાલે ગુરુજી માટે ભજનનું સરસ ગાન કર્યું હતું અને ધો. 12 ના વિદ્યાર્થીઓ દ્વારા ગ્રુપમાં ભજન રજૂ કર્યું હતું. અંતમાં સૌનો આભાર માની છુટા પડયાં. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યાના માર્ગદર્શન હેઠળ તમામ શિક્ષકગણ દ્વારા કરવામાં આપ્યું હતું.

**આનંદદાયી શનિવાર 'બેગલેસ ડે' :**

સ્કૂલમાં તા. 12-7 ના રોજ સરકારશ્રીના આદેશ મુજબ આનંદદાયી શનિવાર, 'બેગલેસ ડે' ની ઉજવણી કરવામાં આવી હતી. બાલમંદિર તેમજ ધો. 1 થી 8 ના વિદ્યાર્થીઓ એ સૌપ્રથમ શારીરિક અને માનસિક સ્વસ્થતા માટે હળવી કસરત, યોગ, હાસ્ય થેરાપી જેવી પ્રવૃત્તિ કરી હતી. ત્યારબાદ બાલસભા તેમજ સાંસ્કૃતિ કાર્યક્રમ, સંગીત વગેરે જેવી બાળકોને ખૂબ આનંદ આવે તેવી પ્રવૃત્તિ કરાવી હતી. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ બાળકોને તણાવમુક્ત, તેમજ મેદસ્વિતાનો ભોગ ન બને તે અને બાળકોમાં રહેલી આવડત બહાર લાવવાનો છે. દરેક બાળકો માટે આનંદદાયક શનિવાર રહ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેન કુમાર પંડ્યાના માર્ગદર્શન નીચે તમામ શિક્ષકગણ દ્વારા કરવામાં આપ્યું હતું.

**પિંક ડે' :**



સ્કૂલમાં તા. 15-7 ના રોજ 'પિંક ડે' નું અયોજન કર્યું હતું. જેમાં બાલમંદિરના બાળકો પિંક કલરનાં વસ્ત્ર, પિંક રંગનો પૌષ્ટિક નાસ્તો લાવ્યાં હતાં. ત્યારબાદ બાળકોમાં ઉત્સાહ વધારવા પિંક રંગના ફુગ્ગા થી 1 મિનિટ ગેમ જેવી કે, ફુગ્ગા ફોડ અને ફુગ્ગા પાસિંગ રમત રમાડવામાં આવી હતી. તેમજ પિંક વસ્તુ જેવી કે, ફુગ્ગો, પતંગિયું, પતંગ, આઇસ્ક્રીમની ઓળખ આપવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યાના માર્ગદર્શન હેઠળ શ્રી દક્ષાબેન પંડયા, શ્રી હિનાબેન વેદાણી, અને શ્રી પ્રિયાંશીબેન જાનીએ કર્યું હતું.



# પી. એન. આર. હૉસ્પિટલ



✍ મહાસુખભાઈ જકડિયા

**જુન`૨૫ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવી છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર/ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૪૦ | ૦૭ ૦૨ |
| આંખ | ૧૫૪૫ | - ૪૦૦ |
| આંખની છારી | - | ૭૫ - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૩૦૮ | ૧૪૮ ૦૨ |
| ઓર્થોસ્કોપી | ૩૪ | - ૦૧ |
| ઓર્થોડેન્ટલ | ૧૬૩ | ૧૪૮ - |
| જનરલ ઓપીડી | ૬૦૯ | - - |
| એક્ષ-રે | ૬૯ | - |
| લેબોરેટરી | ૪૯૫ | ૧૮૦૬ (ટેસ્ટ) |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર/ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૨૪ | - |
| આંખના પડદા | ૪૯ | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૨૮ | - |
| **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | ૧૯ | ૦૭ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૪ | ૦૬ |
| પીડિયાટ્રિક ડેન્ટલ | ૦૩ | ૦૭ |

**આ માસ દરમિયાન કુલ 4404 દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો.**

◈ **આ મહિનામાં સ્વાસ્થ્ય સંજીવની યોજના નીચે 99 લાભાર્થીઓએ રૂ. 21950/- ની સહાય મેળવેલ છે**

◈ **તથા મહાવીર મેડિકલ સહાય નીચે કુલ 09 લાભાર્થીઓએ રૂ. 930/- ની સહાય મેળવેલ છે.**



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

✍ અમિત મિત્રા



**વોકેશનલ એક્ટિવિટી :**

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત જૂન માસ દરમ્યાન બાળકોને પ્રિ- વોકેશનલ એક્ટિવિટીમાં બાળકોને હાઈજીન કીટનું પેકિંગ કરતા, દંતમંજનનું પેકિંગ કરતા, ૨૦ ગ્રામના સાબુનું પેકિંગ કરતા શીખવવામાં આવ્યું હતું.

**લોકલ પ્રોજેક્ટ કમિટી મિટીંગ :**

તા. ૧૬/૬ ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટની લોકલ કમિટી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રોજેક્ટ અંતર્ગત નિરામયા હેલ્થ પોલિસીના કાર્ડ રિન્યુ થઈને આવી ગયેલ હોય, તે આપવા અને નિરામયા પોલિસીની માહિતી અંગેના સેમિનારનું આયોજન કરવું, પ્રોજેક્ટ અંતર્ગત મિની પીકનિકનું આયોજન કરવું, સીપી સ્કૂલ અંતર્ગત ૨૧-૨૨ જુનમાં યોજાનાર મેગા અસેસમેંટ કેમ્પમાં ભાગ લેવો, જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

**દિશા વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓની મિની પીકનિક :**

તા. 15/7/25 ના રોજ પ્રોજેક્ટ અંતર્ગત એક મિની પીકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રોજેક્ટના દરેક બાળકોને શાળાની બાજુમાં આવેલ દુ:ખીશ્યામ બાપાના આશ્રમ

લઈ ગયા હતાં. આશ્રમમાં આવેલ શિવમંદિરના બાળકોએ દર્શન કર્યા. તેમજ આશ્રમના કુદરતી વાતાવરણને અનુભવ્યું હતું. ત્યારબાદ દાતાશ્રી હિતેશભાઇ પટેલ દ્વારા બાળકોને નાસ્તો, તેમજ કોલ્ડ્રિંક્સ આપવામાં આવ્યાં હતાં. આ મિની પીકનિકમાં બધા બાળકોએ ખુબજ આનંદ કર્યો હતો. પીકનિકનું આયોજન ડો. અમિત મિત્રાના માર્ગદર્શન નીચે પ્રોજેકટના સ્પેશ્યલ એજ્યુકેટર શ્રી માધવીબેન વાળા અને કેરગિવર્સ શ્રી હર્ષાબેન પાડલિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સક્સેસ સ્ટોરી





**બાળકનું નામ :- વિવેક વલ્લભભાઈ શિયાળ**

**શિક્ષકનું નામ :- હર્ષાબેન કે. પાડલિયા**

**ઉંમર :- ૧૪. ડિસેબિલિટી :- I.D.(50%)**

**સારવાર પહેલાં :-**

બાળક દિશા કમ વિકાસ પ્રોજેકટમાં આવ્યો ત્યારે તે અતી ચંચલ અને મર્યાદિત વાતચીત કરતો હતો. બાળક વર્ગખંડમાં બેસતો નહિ. સતત મોં માં કપડાં ચાવતો, લાળ પડતી હતી. જાતે પોતાની રોજિંદા જીવનની પ્રવૃત્તિમાં તેની માતા પર આધારિત હતો. જાતે કપડાં પહેરવા, કે જાતે બુટ-મોજા પહેરતા આવડતા ન હતાં.

**સારવાર પછી :-**

1 વર્ષના અંતે તે બાળક, સતત ટ્રેનિગ બાદ, પ્રોજેકટના સમય દરમ્યાન માતા વગર લાંબા સમય સુધી બેસીને પ્રવૃત્તિ કરતાં શીખી ગયો છે. જેમકે કપડાં જાતે કાઢવા, કપડાં જાતે પહેરવા, મોજા/સેન્ડલ/ચંપલ પહેરવા અને પોતાનું ટિફિન જાતે ખોલીને જમે છે. પોતાની જરૂરિયાતો માંગે છે. શર્ટ જાતે પહેરી બટન બંધ કરે છે. એ.ડી.એલ.માં, શિક્ષણ વિગેરે દ્વારા ખૂબ જ સુધારો જોવા મળે છે. બાળક પોતાની દિનચર્યા હવે જાતે કરે છે. ટોયલેટ ટ્રેઈન્ડ પણ થયો છે.



## અંબા સી.પી. હોસ્ટેલ

### જૂન-જૂલાઈ-૨૦૨૫

લાલજી પંડ્યા



**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવ્યો હતો.**

### ભોજન / મિષ્ટાન

- તા. ૨૩-૬ના રોજ શ્રી મિતેશભાઈ શાહ...
- તા. ૨૫-૬ના રોજ પાર્થ યુવા મંડળ...
- તા. ૨૮-૬ના રોજ શ્રી હર્ષવર્ધનભાઈ જગદીશચંદ્ર જાની તરફથી સ્વ. મિતીબેન ભદ્રેશભાઈ જાનીની પુણ્યતિથિ નિમિત્તે...
- તા. ૦૨-૭ના રોજ શ્રી લાલજીભાઈ રાજાણી...
- તા. ૦૩-૭ના રોજ શ્રી મનોરથભાઈ પોંટા...
- તા. ૦૫-૭ના રોજ શ્રી રમ્ય મનોરથભાઈ પોંટા...
- તા. ૦૫-૭ના રોજ બાપા સીતારામ ગ્રુપ...
- તા. ૧૧-૭ના રોજ સ્વ. કાનજીભાઈ તીરડોયા...
- તા. ૧૩-૭ના રોજ શ્રી ભદ્રેશભાઈ અણઘણ...
- તા. ૧૩-૭ના રોજ ડો. અંજુમ ખોખર...
- તા. ૧૪-૭ના રોજ એક શુભેચ્છક ...
- તા. ૧૫-૭ના રોજ શ્રી ઝરણાબેન પારેખ તરફથી, સ્વ. દેવેન્દ્રકુમાર મહાસુખરાયની પુણ્યતિથિ નિમિત્તે...

### નાસ્તો

- તા. ૨૪-૬ના રોજ એક શુભેચ્છક...
- તા. ૨૫-૬ના રોજ પાર્થ યુવા મંડળ...
- તા. ૨૭-૬ના રોજ શ્રી હર્ષાબેન રૂપારેલિયા...
- તા. ૦૪-૭ના રોજ શ્રી રાજકુમાર હરડિયા...
- તા. ૦૫-૭ના રોજ સૌમ્ય હેતલભાઈ મહેતા તરફથી હસ્તે. ગોરલ સૌમ્ય મહેતા...
- તા. ૧૫-૭ના રોજ શ્રી ગૌરવભાઈ વઘાણી...

- તા. ૧૦-૭ના રોજ તેજસભાઈ ડેલિવાલા પરિવાર તરફથી હોસ્ટેલના બાળકોને રમત-ગમતના સાધનો આપવામાં આવ્યાં છે.
- તા. ૧૧-૭ના રોજ વલ્લભ યુથ ગ્રુપ તરફથી હોસ્ટેલના બાળકોને યશવંતરાય નાટયગૃહ ખાતે જાદુગર યુવરાજનો શો બતાવવામાં આવ્યો. તે શો જોઈને બાળકોને ભરપૂર આનંદ માણ્યો હતો.

# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા

### વિશ્વ યોગ દિવસની ઉજવણી :



આજે તારીખ 21 જુનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ભાવનગર કક્ષાનો યોગ દિવસ કાર્યક્રમ સ્પોર્ટ કોમ્પ્લેક્ષ, સિદસરમાં યોજાયો હતો. જેમાં શ્રી ખીમચંદ લક્ષ્મીચંદ બહેરા મૂંગા પ્રાથમિક અને માધ્યમિક શાળાના 230 વિદ્યાર્થીઓએ યોગ દિવસ ઉજવણીમાં ભાગ લીધો હતો. ભાવનગર જિલ્લા કલેકટર માનનીયશ્રી મનીષકુમાર બંસલ, તેમજ કેન્દ્રીય મંત્રીશ્રી નિમુબેન બાંભણિયાએ વિદ્યાર્થીઓની સહભાગીદારી જોઇ, તેઓશ્રીઓએ વિદ્યાર્થીઓને રૂબરૂ મળી પ્રોત્સાહિત કર્યા હતાં.



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



### કલા કેન્દ્રની મુલાકાત :

શામળદાસ આર્ટસ કોલેજ સંચાલિત, કલા કેન્દ્રની મુલાકાત અને ચિત્ર પ્રદર્શન નિહાળવા માટે શાળાના પ્રાથમિક શાળાના ચાર બાળકો અને ચિત્ર શિક્ષક શ્રી પ્રશાંતભાઈ ગયા હતા.

ત્યાં પ્રદર્શનમાં વિવિધ ડિઝાઈન ભૌમિતિક આકારનો ઉપયોગ કરીને લાઈટ એન્ડ શેડ, મોનો કલર, ઓપોઝિટ કલર, કલર બેલેન્સના અદ્દભુત પેઇન્ટિંગ હતાં. ત્યાં લોકશૈલી, વાટલી, મધુબની, તેમજ સર્જનાત્મક શૈલીમાં અદ્દભુત ચિત્ર સર્જન જોવાનો બાળકોને મોકો મળ્યો. આ ઉપરાંત વેસ્ટમાંથી બેસ્ટ કૃતિઓ જોઈને હ્રદય ખીલી ઉઠ્યું. કલા કેન્દ્રની મુલાકાત લઈ બાળકો ખૂબ ખૂશ થયાં હતાં.

### આનંદદાયી શનિવાર :

રાષ્ટ્રિય શિક્ષણનિતિ-૨૦૨૦ માં જણાવ્યાં અનુસાર તમામ શાળામાં આનંદદાયી શનિવાર અને **બેગલેસ ડે** ઉજવવાની શરૂઆત થઈ છે. તે અંતર્ગત શાળામાં પ્રાથમિક વિભાગમાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોએ શનિવાર પૂર્ણપણે આનંદદાયી રીતે ઉજવ્યો. જેમાં સમુહ યોગ, પિરામિડ બનાવવું, લોકનૃત્ય જેવી પ્રવૃત્તિઓ સામેલ હતી. બાળકોને ખૂબ મજા આવી હતી.

### ગુરૂપૂર્ણિમાની ઉજવણી :



શાળાના પ્રાથમિક વિભાગમાં પ્રાર્થના પ્રવૃત્તિ અંતર્ગત વૈશાખી પૂનમ, ગુરૂપૂર્ણિમાના દિવસે વિશેષ સમજૂતી આપવામાં

આવી. તથા ગુરુનું મહત્વ અને ગુરુ વંદના કરવામાં આવી. આ પ્રસંગે શાળાના પ્રોજેક્ટ મંત્રીશ્રી વૃંદાબા રાણા તથા સિનિયર શિક્ષક શ્રી પ્રિતીબેને ઘણી જહેમત ઉઠાવી હતી.

**સિતારેં જમીં પર :**

ભાવનગર જિલ્લાના સંવેદનશીલ કલેકટર સાહેબ શ્રી મનિષકુમાર બંસલ સાહેબે, દિવ્યાંગ બાળકો સાથે કામ કરતા કર્મવીરો પ્રત્યે પોતાની સંવેદનશીલતા પ્રકટ કરતા એન્ટરટેનમેન્ટ સિનેમામાં તા. ૨૨-૬-૨૫ ના રોજ 'સિતારેં જમીં પર' ફિલ્મ બતાવી હતી. અને સૌએ સાથે બેસીને મજા માણી હતી.




પી.એન.આર. સંલગ્નિત તમામ સંસ્થાના ટ્રસ્ટીશ્રી, મંત્રીશ્રી, તેમજ કર્મવીરોએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



## શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

✍ જ્યોતિ ભટ્ટી



**'હરીદર્શન એક્સપોર્ટ દ્વારા નોટબુક વિતરણ' :**



હરીદર્શન એક્સપોર્ટ તરફથી દિવ્યાંગ વિદ્યાર્થીઓને ૨૦૦૦ નોટબૂકનું અર્પણ, શાળાના કુલ ૩૪૦ વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ થઈ શકે તે માટે કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે અને ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના માનદ્ મંત્રીશ્રી ડો. અશ્વિનભાઈ પંડયાએ હાજરી આપી, કાર્યક્રમની શોભા વધારી હતી. હરીદર્શન એક્સપોર્ટના માલિક શ્રી રીતેષભાઈ લખાણી, શ્રી ભાવેશભાઈ લખાણી, શ્રી ઓધવજીભાઈ લખાણી, શ્રી રાજુભાઈ લખાણી તથા શ્રી નિરવભાઈ પટેલના સહયોગથી મૂકબધિર વિદ્યાર્થીઓ માટે ૨૦૦ પેજની ૨૦૦૦ ફૂલસ્કેપ નોટબૂક્સ આપવામાં આવી હતી.

**'મૂક બધિર વિદ્યાર્થીઓ માટે B.Com. કોલેજનો પ્રારંભ'**

શ્રી શાહ ખી. લ. બહેરા મૂંગા શાળા ટ્રસ્ટ ભાવનગર દ્વારા, ગુજરાતનું સૌ પ્રથમ મૂક બધિર દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટેનું બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું B.Com.સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. સમગ્ર ગુજરાતમાં મૂક-બધિર વિદ્યાર્થીઓ માટે ધો. ૧૨ પાસ પછી કોલેજ માટેની કોઈ વ્યવસ્થા ન હતી, ત્યારે ટ્રસ્ટ દ્વારા બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની માન્યતા પ્રાપ્ત કરી, B.Com. સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. ટ્રસ્ટ મૂકબધિર વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે સતત ચિંતાતુર હોય છે, ત્યારે શાળાના માનનીય પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા, સહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, ટ્રેઝરર માનનીય શ્રી જીતુભાઈ શાહ તેમજ અન્ય ટ્રસ્ટીશ્રીઓના માર્ગદર્શન અને પ્રયાસથી મૂક બધિર વિદ્યાર્થીઓ, સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમ સ્પે. B.Com. ઓનલાઇન/ઓફલાઇન રહીને ઘરે બેઠાં અથવા નોકરી/ધંધો કરવાની સાથે અભ્યાસ કરી શકશે. પ્રથમ વર્ષે જ કુલ 30 મૂક બધિર વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે તથા આ સમગ્ર કોર્ષના કો-ઓર્ડિનેટર તરીકે શ્રી યોગેશભાઈ ગૌસ્વામીની નિમણૂંક કરવામાં આવી છે.

**સ્વ. જીતેન્દ્રભાઈ જે. મહેતાની યોજાયેલ પ્રાર્થના સભા**

શ્રી શાહ ખી. લ. બહેરા મૂંગા શાળા ટ્રસ્ટના વિવિધ વિભાગોના સંયુક્ત ઉપક્રમે, સ્વ. શ્રી જીતેન્દ્રભાઈ જે. મહેતા, કે જેઓ શ્રી આ શ્રવણમંદો માટેની એકમાત્ર હાઇસ્કૂલ શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યામિક શાળાના મુખ્યદાતા છે.



તેમના સહયોગથી હાઈસ્કૂલ નિર્માણાધિન બની છે, તેવા સ્વ. જીતેન્દ્રભાઈ મહેતાનું તા. ૧૩-૭-'૨૫ના રોજ અવસાન થતાં યોજાયેલ પ્રાર્થના સભામાં શાળાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહે સદ્‌ગતના જીવન-કવનનો પરિચય આપ્યો હતો. શ્રી અમિતભાઈ શાહે શોક ઠરાવનું વાંચન કર્યું હતું. તેમજ સંગીતવૃંદમાં શ્રી ફાલ્ગુનીબેન ખાટસૂરિયા, શ્રી વૈશાલીબેન યોગી અને શ્રી પ્રિયંકાબેન પંડયા દ્વારા ભજન-ધૂન રજૂ કરવામાં આવ્યાં હતાં. સંસ્થાના માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાએ શ્રધ્ધાંજલી પાઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલે ઈન્ટરપ્રિન્ટિંગ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અન્ય વ્યવસ્થા માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ કરી હતી.

**"ગુરૂપૂર્ણિમા મહોત્સવ" :**



**"નામ નહીં પણ કામમાં જ માને છે એ ગુરૂ છે;**
**શિષ્યને સફળ કર્યા વગર ક્યાં હાર માને છે."**

શાળામાં તા. ૧૦-૭-'૨૫ ના રોજ વિશિષ્ટ રીતે ગુરૂપૂર્ણિમામહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કાર્યક્રમનું સંચાલન શ્રી જયસુખભાઈ તથા શ્રી ભાર્ગવભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપરાંત સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી નીતાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. બધિર દિવ્યાંગ વિદ્યાર્થીઓએ સાઈન લેંગ્વેજમાં પ્રાર્થના રજૂ કરી. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ પ્રસંગોચિત ગુરૂ મહત્વ અને જીવનોપયોગી શિક્ષણ અને સંસ્કારના મહત્વની સમજ આપી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન શ્રી જ્યોતિબેન બારૈયા તથા શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલે ઈન્ટરપ્રિન્ટિંગ કર્યું. શ્રી યોગેશભાઈએ ગુરૂપૂર્ણિમાની સમજ આપતા બે સુંદર મજાના વિડીયોનું નિદર્શન કરાવ્યું હતું. સર્વે શિક્ષકો દ્વારા સરસ્વતીમાનુ પૂજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી મિત્ર મંડળ દ્વારા, સર્વે ગુરૂજનોનું કુમકુમ તિલક કરી, આશીર્વાદ મેળવ્યાં હતાં. દરેક બાળકો દ્વારા પોતાના વર્ગશિક્ષકને પોતે જાતે બનાવેલ કાર્ડ/પોસ્ટર દ્વારા શુભેચ્છા પાઠવી હતી. આ ઉપરાંત સંસ્થાના માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

**'ટ્રસ્ટ તરફથી નિ:શૂલ્ક યુનિફોર્મ, સ્ટેશનરી' :**

શ્રી શાહ ખી. લ. બહેરા મૂંગા શાળા ટ્રસ્ટ તરફથી ધો. ૯ થી ૧૨ ના કુલ-૧૩૪ વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી બને તેવી દરેક સ્ટેશનરી નિ:શૂલ્ક આપવામાં આવી. જેમ કે, ફૂલસ્કેપ ૨૫૦ પેજના ૮ નંગ ચોપડા, પેન્સિલ, રબ્બર, ફૂટપટ્ટી, બોલપેન, કંપાસ આપવામાં આવ્યાં હતાં.

આ ઉપરાંત દરેક વિદ્યાર્થી દીઠ ૦૨ જોડી યુનિફોર્મ અને ૦૧ જોડી સેન્ડલ આપવામાં આવ્યાં હતાં તથા સરકાર માન્ય પાઠ્યપુસ્તકનો સેટ તથા સ્વ અધ્યયન પોથી અને પ્રોજેક્ટ પોથી પણ આપવામાં આવી હતી.



# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા
## મહેતા છાત્રાલય

✍ સ્નેહાબેન જોષી



- તા. ૯-૬-'૨૫ ના રોજ ઉનાળુ વેકેશન ખૂલતા જ બાળકોનું છાત્રાલય આગમન થતાંજ, છાત્રાલયમાં બાળકોનો કિલકિલાટ શરૂ થયેલ અને ખૂબ જ આનંદિત વાતાવરણ થઈ ગયું છે. નાના-નાના ભૂલકાંઓ, નવા-નવા એડમિશનને, છાત્રાલય ને જ પોતાનું ઘર સમજીને ખૂબ જ સરસ રીતે સેટ થઈ ગયા છે.
- અષાઢી બીજના રોજ રથયાત્રાના દર્શન કરવા છાત્રાલયના બધાજ બાળકોને લઈ ગયા હતા. નાના-નાના ભૂલકાઓ

હાથી, ઘોડા જોઈને ખૂબ જ રાજી થયેલ હતાં અને રથના દર્શન કરી સૌ બાળકોએ આનંદ અનુભવેલ હતો.

- તા. ૧૧-૭-'૨૫ના રોજ VYO ભકિત ગ્રુપના સહયોગથી બધાજ બાળકોને યુવરાજ જાદુગરનો શો જોવા યશવંતરાય નાટયગૃહમાં લઈ ગયેલ હતાં. જાદુના અવનવા ખેલ જોઈ અને બાળકો ખૂબ જ આનંદિત થયા હતાં. સાથો-સાથ બાળકોને મનગમતો નાસ્તો કરાવેલ હતો. આ પ્રસંગે શિવ સાગર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક શ્રી પાર્થભાઈએ બસની સેવા આપી હતી.
- ભાવનગર કચ્છ સમાજના નવા વર્ષ નિમિત્તે તા. ૨૯-૫-'૨૫ ના રોજ બાળકોને મિષ્ટાન ભોજન કરાવ્યું હતું. શ્રી પયોનિતભાઈ પારેખ, તેમજ શ્રી સંતોષભાઈ કામદાર, પ્રતિભાબેન શાહ તથા અન્ય દાતાઓ દ્વારા આ માસ દરમ્યાન મિષ્ટા ભોજન તથા નાસ્તાનું ડોનેશન આપ્યું છે.
- છાત્રાલય શરૂ થતાં બાળકો માટે જુદા-જુદા રમત-ગમતના નવા સાધનો લાવેલ હતાં અને બાળકો તે સાધનોથી રમતા ખૂબજ ખૂશ થાય છે.

# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા

## લાઈબ્રેરી વિભાગ



ઝરણા ત્રિવેદી (લાઈબ્રેરીયન)

**શાળાની લાઈબ્રેરીમાં દાનમાં આવેલ પુસ્તકોની યાદી :**

| પુસ્તકોનું નામ | લેખક |
|---|---|
| એડજસ્ટ એવરી વ્હેર | નીરુ અમીન |
| અંતરનો ઉજાસ | આઈ. કે. વીજળીવાળા |
| પ્રિત કિયે દુ:ખ હોય | શ્રી પ્રિયદર્શન |
| મુદ્રા વિજ્ઞાન | નીલમ સંઘવી |
| વિધાર્થીઓને ઉપદેશ | સ્વામી નિરાકાનંદ |
| જીવન એક ખેલ | કુન્દનિકા કાપડિયા |
| પ્લેટીનમ | વિજય અમન |
| મૃત્યુ મહોત્સવ | શ્રી ધર્મધ્વજ વિજયજી |
| હૃદયની વ્યથા | આચાર્ય વિજયરત્ન સુંદરજી |
| સંવેદનાની શોધ | લાભુભાઈ સોનાણી |

**-: પુસ્તકનો પ્રભાવ :-**

૧. પુસ્તક મનુષ્યનો સૌથી સારો મિત્ર છે.
૨. પુસ્તકનું આપણાં જીવનમાં ખૂબજ મહત્વ છે.
૩. આપણે દરરોજ પુસ્તકનું વાંચન કરવું જોઈએ.
૪. પુસ્તક મનુષ્યને વધુ સમજદાર બનાવે છે.
૫. આપણે આપણાં પુસ્તકોને સુરક્ષિત રાખવા જોઈએ.
૬. સારા પુસ્તકો મનુષ્યના જીવનને વધુ ઉંચાઈએ પહોંચાડે છે.
૭. પુસ્તકોમાં જીવનની દિશા બદલવાની શક્તિ છે.
૮. દરરોજ પુસ્તક વાંચવાથી આનંદ મળે છે.
૯. પુસ્તકના વાંચનથી ભૂતકાળમાં બનેલ કથાનું જ્ઞાન થાય છે.
૧૦. એક પુસ્તક વ્યક્તિનું જીવન બદલી શકે છે.



# શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ

## છાત્રાલય



- શ્રીમતી સી. એમ. પી. પટેલ છાત્રાલયના પરિસરમાં ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગૃહમાતા શ્રી નિધિબેન અને એટેન્ડન્ટ બહેનો શ્રી ભારતીબેન અને સોનલબેને અલગ-અલગ ફૂલોના છોડ અને દાડમ, પપૈયા, આંબો જેવા ઝાડ રોપ્યાં અને પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી.
- તા. ૨૭ જૂન, ૨૦૨૫ના રોજ શ્રીમતી સી. એમ. પી. પટેલ છાત્રાલયના ધો. ૯ થી ૧૨ના ૭૦ વિધાર્થીઓને સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ સુધી રૂપાણી દીવડી ખાતે રથયાત્રા જોવા લઈ ગયા હતા. વ્યવસ્થાના ભાગરૂપે ગૃહમાતા શ્રી નિધિબેન અને એટેન્ડન્ટ શ્રી સોનલબેન સાથે જોડાયા હતા. ભગવાન જગન્નાથના રથમાં જઈને દરેક બાળકોએ દર્શનનો લાભ લીધો હતો અને શીરો તેમજ ચણાની પ્રસાદી આરોગી હતી.
- તા. ૯-૬-'૨૫ ના રોજ ઉનાળુ વેકેશન ખૂલતા જ બાળકોનું છાત્રાલય આગમન થતાં જ છાત્રાલયમાં બાળકોનો કિલકિલાટ શરૂ થયેલ અને ખૂબ જ આનંદિત વાતાવરણ થઈ ગયું છે. નાના-નાના ભૂલકાંઓ નવા-નવા એડમિશનને,

છાત્રાલય તેજ પોતાનું ઘર સમજીને ખૂબ જ સરસ રીતે સેટ થઈ ગયા છે.

- તા. ૧૧-૭-'૨૫ના રોજ VYO ભકિત ગ્રુપના સહયોગથી બધાજ બાળકોને યુવરાજ જાદુગરનો શો જોવા યશવંતરાય નાટયગૃહમાં લઈ ગયા હતાં. જાદુના અવનવા ખેલ જોઈ અને બાળકો ખૂબ જ આનંદિત થયા હતાં. સાથો-સાથ બાળકોને મનગમતો નાસ્તો કરાવ્યો હતો. આ પ્રસંગે શિવ સાગર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક શ્રી પાર્થભાઇએ બસની સેવા આપી હતી.
- ભાવનગર કચ્છ સમાજના નવા વર્ષ નિમિત્તે તા. ૨૯-૫-૨૫ ના રોજ બાળકોને મિષ્ટાન ભોજન કરાવ્યું હતું. શ્રી પયોનિતભાઈ પારેખ, તેમજ શ્રી સંતોષભાઈ કામદાર, પ્રતિભાબેન શાહ તથા અન્ય દાતાઓ દ્વારા આ માસ દરમ્યાન મિષ્ટાન ભોજન તથા નાસ્તાનું ડોનેશન આવ્યું છે.
- છાત્રાલય શરૂ થતાં બાળકો માટે જુદા-જુદા રમત-ગમત નવા સાધનો લાવ્યાં હતાં અને બાળકો તે સાધનોથી રમતા ખૂબજ ખૂશ થાય છે.



## શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર
## કૃત્રિમ સાધન સહાય વર્કશોપ

અશ્વિનભાઈ પંડ્યા (ચેરમેન)



- જૂન માસમાં ભાવનગરમાં સ્થાનિક કક્ષાએ કુલ ૮૫ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવ્યાં છે. જેમાં લાભાર્થીઓને આશરે ૧૦૧ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખા પગ-૨, અડધા પગ-૪, ઓર્થોશૂઝ-૧, ની-બ્રેસ-૧૮, હેન્ડ સ્પીલન્ટ-૪, નાઈટ સ્પીલન્ટ-૨, અન્ય-૫૫, કેલીપર-૩, એ. એફ.ઓ.-૬, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૬ એમ કુલ-૧૦૧ સાધનો આપવામાં આવ્યાં હતાં.
- જૂન માસમાં રોટરી કલબ ઓફ મંગલાગિરી દ્વારા, મંગલાગિરી (આંધ્ર પ્રદેશ) મુકામે કૃત્રિમ પગનો એક કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં કુલ ૧૨૦ લાભાર્થીઓને ૧૨૮ કૃત્રિમ પગ પૂરાં પાડવામાં આવ્યાં હતાં. જેમાં આખા પગ-૫૫, અડધા પગ-૭૩ હતાં. આ કેમ્પમાં સંસ્થાના પી. એન્ડ ઓ. ડો. રવિભાઈએ હાજરી આપી, લાભાર્થીઓને માર્ગદર્શન આપેલ હતું. તેમજ લાભાર્થીઓને જરૂરી સૂચનો કરી, યોગ્ય સલાહ પૂરી પાડી હતી.

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

## શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ

શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનિક

સૂર્યકાંત ચાવડા



**મોતીયાના વિનામૂલ્યે ઓપરેશન માટે નિ:શૂલ્ક તપાસ-નિદાન કેમ્પ યોજાયા :**




- શ્રી લોઢાવાળા અને મંગલ ચેરીટેબલ ટ્રસ્ટ, આનંદનગર, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે મોતિયો નેત્રયજ્ઞ તા.૦૪/૦૫/૨૦૨૫ ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ જલારામ મંદિર, આનંદનગર, ભાવનગર ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં ડો.ધ્રુવિલભાઈ નાયકે ૩૭ દર્દીઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી. તથા મોતિયાના ઓપરેશન જરૂરતવાળા ૧૨ દર્દીઓને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, ભાવનગર, તેમજ શ્રી ધનવંતભાઈ અજમેરાના સહયોગથી લોઢાવાળા હોસ્પિટલ ખાતે અધતન ફેકો મશીન દ્વારા, ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી, નેત્રમણી મૂકી આપવા તારીખ આપી હતી. તથા અન્ય દર્દીઓને ચશ્માના નંબર તથા આંખના ટીપાં દ્વારા સારવાર આપી હતી.
- હોસ્પિટલ ખાતે શ્રી નયનાબેન અશોકભાઇ વોરાના સૌજન્યથી, શ્રી અશોકભાઇ વોરાના જન્મદિવસ નિમિત્તે



તા.૧૪-૦૫-૨૦૨૫ બુધવારના રોજ વિનામૂલ્યે મેગા કેમ્પ યોજાય ગયો હતો. જેમા હોસ્પિટલ ખાતે ચાલતા આંખ વિભાગ, કાન-નાક-ગળાના વિભાગ, જનરલ ફિઝિશીયન વિભાગ, ઓર્થોપેડિક વિભાગ, એમ.ડી. ફિઝિશીયન સહિત તમામ વિભાગમાં જરૂરિયાતમંદ ૫૦ દર્દીઓએ લાભ લીધો હતો.આ મેગા કેમ્પને સફળ બનાવવામાં તમામ ડોક્ટરશ્રીઓ તથા હોસ્પિટલના કર્મચારીઓ દ્વારા સુંદર અને સુચારૂ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

- આ હોસ્પિટલ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગર દ્વારા એક નેત્રયજ્ઞનું આયોજન તા.૧૮/૦૫/૨૦૨૫ ને શનિવારે સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ રેડક્રોસ ભવન દિવાનપરા રોડ, ભાવનગર ખાતે યોજાયું હતું. જેમાં ડો.ધ્રુવિલભાઈ નાયકે ૪૧ દર્દીઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી, તથા મોતિયાના ઓપરેશનની જરૂરતવાળા ૮ દર્દીઓને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, ભાવનગર તેમજ શ્રી ધનવંતભાઈ અજમેરાના સહયોગથી લોઢાવાળા હોસ્પિટલ ખાતે અધતન ફેકો મશીન દ્વારા, ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી, નેત્રમણી મૂકી આપવા તારીખ આપી હતી. તથા અન્ય દર્દીઓને ચશ્માના નંબર તથા આંખના ટીપાં દ્વારા સારવાર આપી હતી.
- આ હોસ્પિટલ અને લાયન્સ ક્લબ ઓફ ભાવનગર(વેસ્ટ) ના સંયુક્ત ઉપક્રમે, વિનામૂલ્યે મોતિયો નેત્રયજ્ઞ તા.૨૪/૦૫/૨૦૨૫ ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ ઘોઘાસર્કલ સંસ્કાર મંડળ (અખાડો) ભાવનગર ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં ડો.ધ્રુવિલભાઈ નાયકે ૩૮ દર્દીઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી, તથા મોતિયાના ઓપરેશન જરૂરતવાળા ૯ દર્દીઓને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, ભાવનગર, તેમજ શ્રી ધનવંતભાઈ અજમેરાના સહયોગથી લોઢાવાળા હોસ્પિટલ ખાતે અધતન ફેકો મશીન દ્વારા, ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી નેત્રમણી મૂકી આપવા તારીખ આપી હતી. તથા અન્ય દર્દીઓને ચશ્માના નંબર તથા આંખના ટીપા દ્વારા સારવાર આપી હતી.

**વિનામૂલ્યે નેત્રયજ્ઞ તથા ૫ થી ૧૫ વર્ષના બાળકો નો કાન-નાક-ગળાની તકલીફ માટેનો નિદાન કેમ્પ યોજાય ગયો હતો :**

- શેઠ શ્રી વી. સી. લોઢાવાલા હોસ્પિટલ ભાવનગર ખાતે તા.૦૧/૦૬/૨૦૨૫ ને રવીવારના રોજ સવારના ૧૦ થી ૧૨ દરમિયાન નેત્રયજ્ઞ તથા કાન- નાક- ગળા ની તકલીફનો વિનામૂલ્યે નિદાન કેમ્પ ડી. કે. અજમેરા ફાઉંડેશન, મુંબઇના સહયોગથી રાખવામા આવેલ હતો. જેમાં હોસ્પિટલ ખાતે ચાલતા આંખ વિભાગ, કાન-નાક-ગળાના વિભાગ સહિત જરૂરિયાતમંદ ૩૯ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પને સફળ બનાવવામાં તમામ ડોક્ટરશ્રીઓ તથા હોસ્પિટલના કર્મચારીઓ દ્વારા સુંદર અને સુચારૂ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.
- આ હોસ્પિટલ અને શ્રી સંત કકુરામજી મંદિર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે, વિનામૂલ્યે મોતિયો નેત્રયજ્ઞ તા.૦૮/૦૬/૨૦૨૫ ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ શ્રી સંત કકુરામજી મંદિર, સિંધુનગર ભાવનગર ખાતે રાખવામાં આવેલ હતો. જેમાં ડો.ધ્રુવિલભાઈ નાયકે ૫૪ દર્દીઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી, તથા મોતિયાના ઓપરેશન જરૂરતવાળા ૧૦ દર્દીઓને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, ભાવનગર તેમજ શ્રી ધનવંતભાઈ અજમેરાના સહયોગથી, લોઢાવાળા હોસ્પિટલ ખાતે અધતન ફેકો મશીન દ્વારા, ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી નેત્રમણી મૂકી આપવા તારીખ આપી હતી. તથા અન્ય દર્દીઓને ચશ્માના નંબર તથા આંખના ટીપાં દ્વારા સારવાર આપી હતી.
- આ હોસ્પિટલ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગર દ્વારા એક નેત્રયજ્ઞનું આયોજન તા.૨૧/૦૬/૨૦૨૫ ને શનિવારે સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ રેડક્રોસ ભવન દિવાનપરા રોડ, ભાવનગર ખાતે યોજાયો હતો, જેમાં ડો.ધ્રુવિલભાઈ નાયકે ૩૫ દર્દીઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી, તથા મોતિયાના ઓપરેશન જરૂરતવાળા ૧૦ દર્દીઓને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, ભાવનગર તેમજ શ્રી ધનવંતભાઈ અજમેરાના સહયોગથી, લોઢાવાળા હોસ્પિટલ ખાતે અધતન ફેકો મશીન દ્વારા, ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી, નેત્રમાણી મૂકી આપવા તારીખ આપી હતી. તથા અન્ય દર્દીઓને ચશ્માના નંબર તથા આંખના ટીપા દ્વારા સારવાર આપી હતી.
- આ હોસ્પિટલ અને લાયન્સ ક્લબ ઓફ ભાવનગર(વેસ્ટ)ના સંયુક્ત ઉપક્રમે, વિનામૂલ્યે મોતિયો નેત્રયજ્ઞ તા.૨૬/૦૬/૨૦૨૫ ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ થી

૧૨.૦૦ ઘોઘાસર્કલ સંસ્કાર મંડળ (અખાડો) ભાવનગર ખાતે રાખવામાં આવેલ. જેમાં ડો.ધ્રુવિલભાઈ નાયકે ૪૦ દર્દીઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી, તથા મોતિયાના ઓપરેશન જરૂરતવાળા ૧૨ દર્દીઓને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, ભાવનગર તેમજ શ્રી ધનવંતભાઈ અજમેરાના સહયોગથી, લોઢાવાળા હોસ્પિટલ ખાતે અધતન ફેકો મશીન દ્વારા, ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી, નેત્રમણી મૂકી આપવા તારીખ આપી હતી. તથા અન્ય દર્દીઓને ચશ્માના નંબર તથા આંખના ટીપાં દ્વારા સારવાર આપી હતી.

**સન્માન :**



શેઠશ્રી વી.સી.લોઢાવાળા હોસ્પિટલના આંખ વિભાગ દ્વારા મે-૨૦૨૫ તથા જુન-૨૦૨૫ દરમ્યાન કુલ ૮ નેત્રયજ્ઞના આયોજન દ્વારા આંખને લગતી તકલીફવાળા જરૂરિયાતમંદ ૨૯૪ દર્દીઓની આંખની તપાસ કરી, સારવાર આપવામાં આવી હતી. જેમાંથી મોતિયાના ઓપરેશનની જરૂરિયાતવાળા ૫૨ દર્દીઓને વિનામુલ્યે તથા ૨૧ દર્દીઓને રાહતદરે નેત્રમણી મૂકીને મોતિયાના ઓપરેશન ડો.શ્રી હર્ષાબેન મહેશ્વરી અને ડો.શ્રી ધ્રુવિલ નાયક સાહેબ દ્વારા કરી આપવામાં આવ્યાં હતાં. લાયન્સ ક્લબ ઓફ ભાવનગર(વેસ્ટ) ના નવા હોદ્દેદારોના પદગ્રહણવિધિનો સમારોહ તા. ૨૨-૦૬-૨૦૨૫ રવિવારના નટરાજ કોલેજ, ભાવનગર ખાતે રાખવામાં આવ્યો હતો. આ સમારોહમાં લાયન્સ ક્લબ સાથેના સેવા કાર્યમાં વી.સી.લોઢાવાળા હોસ્પિટલ દ્વારા નેત્રનિદાન કેમ્પ કરી સહકાર આપવા બદલ, **લાયન્સ ઇન્ટરનેશનલ એપ્રિશીએશન એવોર્ડ** લોઢાવાળા હોસ્પિટલના માનદ્ મંત્રીશ્રી સુર્યકાંતભાઈ ચાવડા તથા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર સુરેશ પારેખને લાયન્સ ક્લબ દ્વારા સન્માનિત કરી આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. તા.૨૭/૦૬/૨૦૨૫ના રોજ ભાવનગર કચ્છ સમાજ દ્વારા કચ્છી સમાજ દ્વારા અષાઢી બીજ (કચ્છ સમાજનું નવુ વર્ષના) પ્રસંગે યોજાયેલ કાર્યક્રમમાં ભાવનગર કચ્છ સમાજ સાથે સેવાકીય પ્રવૃત્તિમાં ભાગ બદલ, વી.સી.લોઢાવાળા હોસ્પિટલ દ્વારા નેત્રનિદાન કેમ્પ કરી આપી, આપેલ સહયોગ બદલ ભાવનગર કચ્છ સમાજ દ્વારા લોઢાવાળા હોસ્પિટલના માનદમંત્રીશ્રી સુર્યકાંતભાઇ ચાવડા તથા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર સુરેશ પારેખને આમંત્રિત કરી, સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કચ્છ સમાજના બાળકોને અભ્યાસમાં સારા માર્કસથી ઉત્તીર્ણ થવા બદલ કરેલ ઇનામ વિતરણ સમારોહમાં, સંસ્થાના માનદ મંત્રીશ્રી સુર્યકાંતભાઇ ચાવડાના હસ્તે ઇનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

**મે-જૂન-૨૦૨૫ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| DEPARTMENT | No.Of Patients | DEPARTMENT | No.Of Patients |
|---|---|---|---|
| EYE DEPARTMENT | | PSYCHIATRIC (M.D.) | 63 |
| OPD | 559 | ORTHOPEDIC DEPARTMENT | 107 |
| Cataract Surgeries - Free | 52 | CHEST PHYSICIAN | 10 |
| Cataract Surgeries - Paid | 21 | PHYSIOTHERAPY | 00 |
| EYE Retina | 16 | GENERAL OPD | 310 |
| ENT DEPARTMENT | | PSYCHIA TRIC | 50 |
| OPD | 803 | PEDIATRIC | 04 |
| OPERATION - PAID | 07 | SKIN DEPARTMENT | 242 |
| MINOR PROCEDURE | 186 | X-RAY DEPARTMENT | 00 |
| DENTAL DEPARTMENT | | LABORATORY PATIENT | 216 |
| OPD | 305 | LABORATORY TEST | 526 |
| PROCEDURE | 296 | SONOGRAPHY | 28 |
| MATERNITY | | CAMP | 252 |
| OPD | 00 | PATIENT | 22 |
| DELIVERY | 00 | SHAMJI MAVJI RELIEF | 10 |
| OPERATION | 00 | | |



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

✍ નેહલ ગઢવી



## આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણી :

તારીખ ૨૧ જુન સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રિય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, જે અંતર્ગત જિલ્લા પ્રશાસન દ્વારા સીદસર સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે આયોજીત યોગ દિવસની ઉજવણીમાં શાળાના બાળકો તથા સ્ટાફ ઉત્સાહભેર જોડાયાં હતાં. વિશેષમાં ભાવનગર જિલ્લા સાંસદ અને રાજ્યકક્ષાનાં મંત્રી શ્રી નિમુબેન બાંભણિયા, ક્લેકટરશ્રી ડો. મનિષકુમાર બંસલ સાહેબ, એસ.પી. શ્રી હર્ષદ પટેલ સાહેબે શાળાના બાળકોની મુલાકાત લીધી હતી.

## શાળાના સ્ટાફે નિહાળ્યું 'સિતારેં જમીં પર' ફિલ્મ :

માનનીય કલેકટર ડો. શ્રી મનિષકુમાર બંસલ દ્વારા તા. ૨૨-૬ ના રોજ શાળાના સમગ્ર સ્ટાફ માટે ડાઉનસિન્ડ્રોમ બાળકોના જીવન પર આધારિત 'સિતારેં જમીં પર' મુવીના સ્પેશ્યલ શો નું આયોજન કરી, બતાવવામાં આવ્યું હતું.

## નેશનલ ચેમ્પિયનશીપ માટે મંદબુદ્ધિ બાળકોની પસંદગી



તા.૦૧/૦૭/૨૦૨૫ ના રોજ સ્પેશ્યલ ઓલિમ્પિક્સ ગુજરાત દ્વારા, અમદાવાદ ખાતે એક સિલેક્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સમગ્ર ગુજરાતમાંથી મંદબુદ્ધિ બાળકોએ ભાગ લીધો હતો. તેમાં શાળાના બાળકો ક્રિસ રોય અને અનંત મકવાણા, લોન ટેનિસ અને પ્રગતિ મકવાણાએ બોચી ગેઈમ્સમાં પસંદગી પામી, 'અંકુર' શાળા તથા ભાવનગરનું નામ રોશન કર્યું હતું. આ બાળકો આગામી તારીખ ૧૦ થી ૧૮ જુલાઈ ૨૦૨૫ લોન ટેનિસ માટે, ગ્વાલિયર તથા ૨૪ થી ૨૮ જુલાઈ ૨૦૨૫ બોચી માટે, છત્તીસગઢ ખાતે નેશનલ ચેમ્પિયનશીપમાં ભાગ લેવા માટે જશે. શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી, તેમજ સિનયર કોચ શ્રી જયપાલસિંહ ગોહિલના માર્ગદર્શન નીચે, સ્પોર્ટસ ટીચર શ્રી આસીફખાન પઠાણ દ્વારા આ બાળકોને કોચિંગ તથા સખત પ્રેક્ટીસ કરાવવામાં આવી હતી.

## મંદબુદ્ધિ બાળકોએ નિહાળ્યું જાદુગર હકુભા :

દેશ – વિદેશમાં પ્રચલિત આધ્યાત્મિક, સામાજીક સંસ્થા વલ્લભ યુથ ઓર્ગેનાઈજેશન (VYO) ભાવનગર ચેપ્ટર દ્વારા, વિનામુલ્યે શાળાના મંદબુદ્ધિવાળા બાળકો માટે યશવંતરાય નાટ્યગૃહ ખાતે જાદુગર હકુભાના સ્પેશ્યલ શો નું આયોજન કરવામાં આવ્યું હતું.

મંદબુદ્ધિ બાળકો, જાદુગરના અવનવા કરતબો અને જાદુ નિહાળી અતિ આનંદિત અને અભિભૂત થયાં હતાં અને તાળીઓ અને ચીચયારીઓથી હોલ ગુંજતો કર્યો હતો. સાથો-સાથ આ બાળકો માટે સ્વાદિષ્ટ નાસ્તાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા VYO ના સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી તથા સંસ્થાના માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, ભાવનગર જિલ્લાના પ્રભારી તથા સંસ્થાના માનદ ટ્રેઝરરશ્રી દેવલભાઈ શાહે ભારે જહેમત ઉઠાવી હતી.

## ભોજન સમારંભ :



શાળાના માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહના પ્રયત્નોથી તેમના મિત્ર શ્રી રવિભાઈ, તેમજ તેમના ગ્રુપ દ્વારા શાળાના ૯૫ બાળકોને ભોજન કરાવવામાં આવ્યું તથા રૂ. ૧૦૦ રોકડા, તેમજ નાસ્તો પણ આપવામાં આવ્યો હતો. સાથો-સાથ સંસ્થાની વિઝીટ પણ કરી હતી. આ પ્રસંગે સંસ્થાના માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ કે. શેઠ, માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ જે. શાહ, આચાર્ય શ્રી મેઘજીખાન કે. સાયબાણી ઉપસ્થિત રહ્યાં હતાં.

## નાઈશા વી. શાહ સ્ટાફ વેલ્ફેર કોર્પસ ફંડ :

સંસ્થા દ્વારા સ્ટાફ પરિવારની પણ કાળજી લેવામાં આવે છે. તે અંતર્ગત કર્મચારીઓને મેડિકલ, તેમજ શૈક્ષણિક સહાયની યોજના કાર્યરત છે. "નાઈશા વી. શાહ સ્ટાફ વેલ્ફેર કોર્પસ ફંડ" માટે દાતા શ્રી પ્રદિપભાઈ એ. શાહ તરફથી મળેલ અનુદાનના વ્યાજમાંથી સંસ્થાના ટ્રસ્ટ સેટ-અપના કર્મચારીઓને

વર્ષ દરમ્યાન મેડિકલ સહાય રૂ. ૩,૦૦૦/- તથા શૈક્ષણિક સહાય રૂ. ૨,૦૦૦/- ચૂકવવામાં આવે છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-'૨૫ દરમ્યાન કુલ ૩૩ કર્મચારીઓને મેડિકલ સહાય રૂ. ૯૮,૬૯૦/- તથા શૈક્ષણિક સહાય રૂ. ૪૬,૦૦૦/- ચૂકવવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪-'૨૫ દરમ્યાન આ કોર્પસ ફંડ હેઠળ દાતાશ્રી તરફથી રૂ. ૧,૦૦,૦૦૦/- નું અનુદાન મળેલ છે.



## શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
## (હીયરિંગ ઈમ્પાયર્ડ)

ડૉ. ધવલ વ્યાસ



### D.Ed.Spl.Ed.(HI) સેમેસ્ટર -૨ અને ૪ના તાલીમાર્થીઓની આંતરિક થિયરી પરીક્ષા :

અભ્યાસક્રમનાં ભાગરૂપે D.Ed.Spl.Ed.(HI) અભ્યાસક્રમનાં સેમેસ્ટર-૨ અને 4ના તાલીમાર્થીઓની આંતરિક થિયરી પરીક્ષા અનુક્રમે તા. ૨૧-૦૪-૨૦૨૫થી તા. ૨૩-૦૪-૨૦૨૫ અને તા. ૨૧-૦૪-૨૦૨૫થી તા. ૨૫-૦૪-૨૦૨૫ દરમિયાન યોજવામાં આવી હતી.

### D.Ed.Spl.Ed.(HI) પ્રથમ અને બીજા વર્ષનાં તાલીમાર્થીઓની બાહ્ય પ્રાયોગિક પરીક્ષા :

તા. ૨૯-૦૫-૨૦૨૫થી તા. ૦૧-૦૬-૨૦૨૫ના દરમિયાન કૉલેજનાં D.Ed.Spl.Ed.(HI) અભ્યાસક્રમના પ્રથમ અને બીજા વર્ષના તાલીમાર્થીઓની રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનાં નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઇન રિહેબિલિટેશન (NBER) દ્વારા, વાર્ષિક બાહ્ય પ્રાયોગિક પરીક્ષાઓનું આયોજન થયું હતું. જેમાં સૌ તાલીમાર્થીઓએ સુંદર દેખાવ કર્યો હતો.

### તાલીમાર્થીઓની મુલાકાત :

- તા. ૧૯-૦૬-૨૦૨૫ના રોજ મહુવા ખાતેની હનુમંત ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગનાં ૨૮ તાલીમાર્થીઓ બહેનો અને ૨ ફેકલ્ટીશ્રીએ સંસ્થાની મુલાકાત લીધી હતી.
- તા. ૨૦-૦૬-૨૦૨૫ના રોજ ભાવનગર ખાતેની શ્રી સહજાનંદ ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગનાં લગભગ ૪૪ તાલીમાર્થીઓ બહેનો અને ૨ ફેકલ્ટીશ્રીએ સંસ્થાની મુલાકાત લીધી હતી.
- તા. ૦૮-૦૭-૨૦૨૫ના રોજ ભાવનગર ખાતેની ગોપીનાથજી કૉલેજ ઓફ નર્સિંગનાં લગભગ ૫૦ તાલીમાર્થીઓ બહેનો અને ૨ ફેકલ્ટીશ્રીએ સંસ્થાની મુલાકાત લીધી હતી. તે

ઉપરોક્ત ત્રણેય મુલાકાત દરમિયાન તેઓએ શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કૉલેજને પણ નિહાળી હતી. કૉલેજના એસોસિએટ પ્રોફેસર અને હેડ ડૉ. ધવલભાઈ વ્યાસે મુલાકાતીઓને કોલેજમાં ચાલતાં અભ્યાસક્રમો અને



પ્રવૃત્તિઓની સંપૂર્ણ માહિતી આપી હતી. ઉપરાંત, વર્તમાન સમયમાં વિશિષ્ટ શિક્ષણના ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દીની તકો રહેલી છે, તેની પણ વાત કરી હતી.

### 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની જિલ્લા કક્ષાની ઉજવણીમાં સહભાગી થતી કૉલેજ :

વર્ષ ૨૦૧૪થી દર વર્ષે ૨૧મી જુનના દિવસે સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. તેના ઉપલક્ષ્યમાં તા. ૨૧-૦૬-૨૦૨૫નાં રોજ માન. ડૉ. મનિષકુમાર બંસલ સાહેબ, જિલ્લા કલેક્ટરશ્રી અને ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટશ્રી, ભાવનગરની રાહબરી હેઠળ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, સિદસર ખાતે ભાવનગર જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજ પણ ઉત્સાહભેર સહભાગી થઈ હતી. તે દિવસે સૌએ જુદા-જુદા પ્રાણાયામ અને આસનો કર્યા હતાં. આ કાર્યક્રમમાં જિલ્લાની જુદી-જુદી શૈક્ષણિક સંસ્થાઓનાં વિદ્યાર્થીઓ, મ.કૃ.ભાવનગર યુનિવર્સિટીનાં અધિકારીશ્રીઓ, વિવિધ સરકારી અને બિન-સરકારી સંસ્થાઓના

અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**'આહાર એ જ ઔષધ' વ્યાખ્યાનનો રસાસ્વાદ લેતાં કોલેજનાં પ્રધ્યાપકશ્રીઓ :**

'તંદુરસ્ત કર્મચારી, તંદુરસ્ત સંસ્થા' હેતુને સિધ્ધ કરવાં માટે સંસ્થા દ્વારા તા. ૦૯-૦૭-૨૦૨૫ના રોજ 'આહાર એ જ ઔષધ' શીર્ષક હેઠળ શ્રી પીયુષભાઈ નાવડિયાનું એક તજજ્ઞ વ્યાખ્યાન, મહાવીર ઓડિટરીયમમાં ગોઠવાયું હતું. જેમાં કોલેજનાં તમામ પ્રાધ્યાપકશ્રીઓએ ભાગ લઈ યોગ્ય જીવનશૈલી, યોગ્ય ખાન-પાન, પૂરતો આરામ, વગેરે ઉપરની ઉપયોગી માહિતી પ્રાપ્ત કરી હતી. ખરેખર, સંસ્થાનો પોતાના કર્મચારીઓ પ્રત્યેનો આવો અભિગમ પ્રશંસનીય રહ્યો.

**યુનિવર્સિટી ખાતે 'ગુરૂ પૂર્ણિમા'ની ઉજવણીમાં ભાગ લેતી કૉલેજ :**

ગુરૂનું દરેક શિષ્યના જીવનમાં શું મહત્વ રહેલું છે? તે પ્રદર્શિત કરવા મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના, શિક્ષણ વિભાગ દવારા તા. ૧૦-૦૭-૨૦૨૫ના રોજ 'ગુરૂ વંદના' શીર્ષક હેઠળ ગુરૂ પૂર્ણિમા દિનની ઉજવણી કરવાંનું આયોજન થયું હતું. આ ઉજવણીમાં ભાવનગર શહેરની બી.એડ. કોલેજો પૈકી, શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ગુલાબરાય હ. સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સિદસર અને શ્રીમતી એલ. કે. કાકડિયા બી.એડ. કૉલેજના પ્રિન્સીપાલશ્રીઓ, પ્રધ્યાપકશ્રીઓ અને તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કૉલેજની મોડેલ સ્કૂલ શ્રી ખી. લ. બહેરા-મૂંગા શાળાની શ્રવણમંદ વિધાર્થીનીઓ દ્વારા પ્રાર્થના નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. શાળાનાં આચાર્યશ્રી અને વિશિષ્ટ શિક્ષકશ્રીઓ પણ આ પ્રાર્થના નૃત્યમાં સહભાગી થયા હતા. કોલેજનાં એસોસિએટ પ્રોફેસર અને હેડ ડૉ. ધવલભાઈ વ્યાસે યુનિવર્સિટીનાં ઇન્ચાર્જ રજીસ્ટ્રારશ્રીનું છોડ અર્પણ કરી અભિવાદન કર્યું હતું.

## શ્રી ડી.કે. અજમેરા ફાઉન્ડેશન તથા શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી "ભાનુવાડી" વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

**એક્ઝિબિશન કમ સેલ :**

ઇસ્કોન ક્લબ ખાતે તા. ૧૨-૧૩ જૂલાઈ, ૨૦૨૫ દરમ્યાન, અંબિકાબેન ટેકરીવાલ દ્વારા આયોજિત એક્ઝિબિશનમાં શાળાના ભાનુવાડી વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટરના મંદબુધ્ધિ બાળકો દ્વારા બનાવવામાં આવેલ અવનવી આકર્ષક રાખડીઓનું એક્ઝિબિશન કમ સેલ રાખવામાં આવ્યું હતું. સાથો-સાથ તોરણ, ટોડલિયા, મોબાઈલ કવર, કુશન કવર વિગેરે વસ્તુઓનું પણ સેલિંગ કરવામાં આવ્યું હતું. જેમાં લોકોનો સારો એવો સહયોગ મળ્યો હતો.

હાલ ઉપરોકત વિભાગમાં આગામી તહેવારને અનુલક્ષીને બાળકોને વિવિધ ડિઝાઈન, કલર અને પેર્ટનની રાખડીઓ બનાવવા અંગેની તાલીમ આપવામાં આવે છે.

## પ્રાર્થના સભા



અશ્વિનભાઈ શાહ

સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈના અનુજ સ્વ . અશ્વિનભાઈ કનૈયાલાલ શાહ (ઉ.વ. ૭૭) નું નિધન થતાં પી.એન.આર. સોસાયટી તથા સંલગ્નિત સંસ્થાઓના ટ્રસ્ટીગણ, પરિવારજન, કર્મચારીગણ તથા સ્નેહીઓની ઉપસ્થિતમાં વૃજવિહાર હોલ, ઘોઘા સર્કલ, ભાવનગર ખાતે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી મહામંત્રી શ્રી પારસભાઈ શાહે શોક ઠરાવ પાઠવેલ હતો. સ્વ. અશ્વિનભાઈ નવજવાન સંઘના અત્યાર સુધીના, સાત દાયકાના તેઓ સેવાકર્મી હતા.

## શ્રધ્ધાજંલિ



જીતુભાઈ મહેતા

PNR સોસાયટીના ટ્રસ્ટી, તેમજ શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટના મુખ્ય દાતા શ્રી જીતેન્દ્રભાઈ જે. મહેતાનું મુંબઈ ખાતે દુ:ખદ અવસાન થયું છે. શ્રી જીતેન્દ્રભાઈનું મૂળ વતન શિહોર તથા મુંબઈના મોટા બિઝનેસમેન હતાં.

તેઓશ્રીએ તેમના માતુશ્રી તથા પિતાશ્રીની સ્મૃતિમાં બહેરાં-મૂંગા શાળામાં શ્રીમતી મહાલક્ષ્મીબેન અને જગન્નાથ એ. મહેતા માધ્યમિક-ઉ.મા. વિભાગ માટે મુખ્ય દાન આપ્યું હતું. તેઓ દિવ્યાંગો પ્રત્યે ખૂબ જ ઉંડી લાગણી ધરાવતા હતા.

# ૧ થી ૩૧ જુલાઈ ૨૦૨૫ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Chandravadan Shantilal Shah - Mumbai | 1,00,000 |
| Shri Prakash Jayantbhai Bhatt – Botad | 15,000 |
| Shri Jay Harish Mehta - Mumbai | 5,000 |
| Smt. Hetal Bakulesh Sheth - Mumbai | 3,000 |
| Smt. Harsha Sheth - Mumbai | 3,000 |
| Shri Mukesh Mahendraprasad Oza – Mumbai | 50,000 |
| Rashmiben Pratapbhai Parek – Mumbai | 25,00,000 |
| Usha Chandravadan Shah – Mumbai | 1,00,000 |
| Shri Amarkishore Shyamkishore Dube – Pune | 1,50,000 |
| B .K. Parekh Parkinson's Disease & Movment Disorder – Mahuva | 99,608 |
| Sitaram Jindal Foundation - Banglore | 30,000 |
| Shri Amitkumar Maurya – Mumbai | 5,000 |
| Shri Vikrambhai Shantilal Goradia – Mumbai | 2,50,000 |
| Anan Drug And Chemical Ltd. – Bhavnagar | 50,000 |
| Meenaben Dineshbhai Parikh – Mumbai | 11,000 |

### FCRA

| | $ |
|---|---|
| HEART AND HAND FOR THE HANDICAPPED – USA | 9,945 |

### CSR

| | Rs. |
|---|---|
| Hamlet Constructions (India)Pvt.Ltd. – Mumbai | 23,00,000 |
| Akry Organics Private Limited – Mumbai | 50,00,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| M/S. S And S Export - Mumbai | 20,000 |
| Shri Govindi Rawat - Delhi | 3,000 |
| Shri Bhoomi Groop – Vartej | 6,000 |
| Ms. Madhavi B Bhatt – Vadodara | 10,000 |
| Shri Mukesh Oza – Mumbai | 50,000 |
| Ms. Bakulaben B. Mehta – Bhavnagar | 12,000 |
| M/S. Rotary Club Of Mangalgiri – Mangalgiri | 35,000 |
| Shri Muskan Yogeshbhai Guptad - Ahmedabad | 15,000 |
| Shri Anandbhai Mansukhlal Thakkar – Bhavnagar | 6,051 |
| Shri Bapa Sitaram Group – Bhavnagar | 1,400 |
| Ms. Prabhavatiben Mansukhlal Rajyaguru – Talaja | 1,11,111 |
| Late Rameshbhai Kalyanjibhai Sheth – Bhavnagar | 4,000 |
| Ms. Savitaben Jerajbhai Khut – Bhavnagar | 6,000 |
| Shri Chandresh Kumar M. Shah – Mumbai | 1,000 |
| Shri Vimalkant J. Shah – Mumbai | 6,000 |
| Shri Bipinbhai Shah – Bhavnagar | 1,250 |
| Late Dineshbhai R. Shah – Bhavnagar | 6,000 |
| M/S. Anan Drug And Chem Ltd. – Bhavnagar | 48,000 |
| Shri Nanalal Bhavanbhai Patel Charitabel Trust – Bhavnagar | 15,000 |
| Shri Akshat Jain – Bhavnagar | 6,200 |

COMMITMENT TO EXCELLENCE

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

| | Rs. |
|---|---|
| Pure Lab Diamonds - Surat | 25,00,000 |
| Arham Yuva Seva Group - Mumbai | 5,00,000 |
| Sevantilal Kantilal Trust - Mumbai | 5,00,000 |
| Smt. Lilavati Fakirchand Sharma Charitable Trust - Bhavnagar | 3,00,000 |
| Elder Flower - Delhi | 2,40,000 |
| A. K. Enterprise - Ahmedabad | 2,01,000 |
| Lincoln Pharmaceuticals Ltd. - Ahmedabad | 2,00,000 |
| Shri Mahesh Ramniklal Shah - Mumbai | 2,00,000 |
| Ms. Komal A. Trivedi - Mumbai | 1,36,000 |
| Ms. Kananben Sanghavi - Hubbali | 1,15,000 |
| Kapol Vidhyanidhi Trust - Mumbai | 1,00,000 |
| Shri Thakor Kiritbhai - Junagadh | 1,00,000 |
| Ms. Alka Paresh Vora - Mumbai | 51,000 |
| Shri Kuldeep Singh - Mumbai | 51,000 |
| Shree Ram Food Industries - Mahuva | 51,000 |
| Jade Blue Lifestyle India Limited - Ahmedabad | 25,000 |
| Shri Mukesh Kantilal Shah - Kolkata | 22,000 |
| Will Wisher - Bhavnagar | 21,406 |
| Shah Babulal Manilal Kadiwala Charitable Trust - Ahmedabad | 18,000 |
| Hari Om - Mumbai | 11,000 |
| Shri Kiritkumar Patel - Kolkata | 11,000 |
| Ms. Payalben Markandrai Mehta - Bhavnagar | 11,000 |
| Shri Bimal V. Mehta - Vadodara | 10,000 |
| Shri Kishorkumar Gamanlal Chapatwala - Surat | 9,505 |
| Shri Dangar Jayraj - Bhavnagar | 5,100 |
| Ms. Bebi Mittalbhai Shah - Bhavnagar | 5,000 |
| Shri Pankaj K. Vadecha - Mumbai | 5,000 |
| Ms. Ranjanben Himmatlal Modi – Mumbai | 3,802 |
| Ms. Gayatri Sanjeevkumar Saraswat – Bhavnagar | 2,500 |
| Shri Nikhilkumar Ghanshyambhai Rajyaguru - Bhavnagar | 2,500 |
| Ms. Vachhani Swara Niravbhai - Bhavnagar | 2,100 |
| Shri Khush Patel - Bhavnagar | 2,000 |
| One Well Wisher Vaishenev - Bhavnagar | 2,000 |
| Ms. Vishva Parikh - Vadodara | 2,000 |
| Ms. Kailashben Bipinbhai Sanghrajka - Mumbai | 1,000 |

# PNR સોસાયટી તસ્વીર સમાચાર - શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫



શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫નું દીપ પ્રાગટ્ય કરતાં કલેકટરશ્રી અને અન્ય મહાનુભાવો...



શ્રી સુરેશભાઈ ચૌધરી (સ.સુ.અધિકારીશ્રી)ના વરદ હસ્તે...



શ્રી ડૉ. મનિષકુમાર બંસલ (કલેકટરશ્રી) ના વરદ્ હસ્તે....



વકતવ્ય આપતાં કલેકટરશ્રી...



વકતવ્ય આપતાં સ.સુ.અધિકારીશ્રી



શ્રી નરેશભાઈ પટેલના જન્મ દિવસે શુભેચ્છા ભેટ આપતાં...

Koshish thi Kamyabi ◆ R.N.I. No. GUJGUJ/2013/48176 ◆ Postal Reg. L2/36/RNP/BVR-414/2025-27 ◆ Monthly
Date of Publication : 15 August - 25 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

